જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૯/૨૦૨૨ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૭૧૦/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૦ | ૧૪૭ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૦ | ૦ | ૧૦૦૭૦૦ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧ | ૪,૩૧,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૧/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૭૦ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૨/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઠગાઈઃ- સમાચાર યાદી નં.૧૭૧૩/૨૦૨૨

**મણીનગરઃ** ધવલભાઇ રમેશચંદ્ર લોટીયા (ઉ.વ.૪૦) (રહે. વિનય એપાર્ટમેન્ટ ડાહ્યાભાઇ પાર્ક સામે ડો.સોનેજી હોસ્પીટલ પાસે કાંકરીયા મણીનગર) એ તા.૨૩/૦૯/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૧/૨૦૨૦ થી માહે ડીસેમ્બર/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ધનેશ કમલેશભાઇ સોની (રહે. કોઠની પોડ ભુતની આંબલી કાગડાપીઠ) એ ધવલભાઇ લોટીયા પાસેથી રૂપિયા ૨૧,૪૨,૦૦૦/- લઈ જઈ જેના બદલામાં સિક્યુરીટી પેટે ડુપ્લીકેટ સોનુ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૧૪/૨૦૨૨

**દાણીલીમડાઃ** સુકન્યાબહેન વા/ઓ દુદારામ ગહેલોત (ઉ.વ.૫૩) (રહે. ગામ.શિવગંજ તા.શિવગંજ જિલ્લો.શીરોહી રાજસ્થાન) એ તા.૨૩/૦૯/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચન્દ્રનગર બી.આર.ટી.એસ બસ સ્ટેશનથી દાણીલીમડા રોડ બી.આર.ટી.એસ. બસ સ્ટેશન સુધીની બી.આર.ટી.એસ.બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ સુકન્યાબહેનના પર્સમાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૫૦૦/- અને સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૫/૨૦૨૨**

**પાલડીઃ** મધુબહેન નિલેશકુમાર જૈન (ઉ.વ.૫૮) (રહે. નેપિયર ટાઉન હોમ સાયન્સ કોલેજ રોડ જબલપુર મધ્યપ્રદેશ) તા.૨૩/૦૯/૨૦૨૨ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે પાલડી નિલપર્ણા સોસાયટી સત્વન-૩ ફ્લેટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મધુબહેન જૈનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મધુબહેન જૈન એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૬/૨૦૨૨**

**માધવપુરાઃ** બસીરઅહેમદ હુસૈનભાઇ મન્સુરી (ઉ.વ.૩૪) (રહે.પખાજીનો કુવો શહીદ બદામી મસ્છીદ સામે તાવડીપુરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૨ કલાક ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

**નિકોલઃ** રાજારામ ગૌરૈયા દેવલપલ્લી (ઉ.વ.૫૦) (રહે. સ્વામી વિવેકાનંદ ચાર માળીયા મંગલપાંડે હોલ સામે જીવનવાડી પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ. ગીતાબા અનિરૂધ્ધસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી